સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ગડકરીના લાંબા પ્લાનના 'રસ્તા' ખૂલે છે,
ને રામદેવ બાબાની દવા રસ્તા ભૂલે છે.
ઝૂલે છે બંને સંઘની દોરીના ઝૂલા પર -
વંચાઈ ગયા પછી મોદી પસ્તીના મૂલે છે
(સંઘ પણ જેવા સાથે તેવા ?!)

હાઈકુ

મંદિર માર્ગે -
પૉંચ્યો ન સંઘ 'કાશી'-
ચેન્જ પૂજારી?!

છાનું રંધાય
પતંજલિ ટ્રેડર્સે
ફાકી ગંધાય

ચિંતન

ત્વમ અસિ નામ સ એવ, યં હન્તવ્યમિતિ મન્યસે ।
ત્વમ્ અસિ નામ સ એવ, યમાજ્ઞાપયિતવ્યમિતિ મન્યસે ॥

ઉપરોક્ત શ્લોક સમણસુત્તંમાંથી લેવામાં આવેલ છે.

જેને તું હણવા યોગ્ય માને છે તે પણ તું પોતે જ છો, જેને તું આજ્ઞામાં રાખવા યોગ્ય માને છે તે પણ તું પોતે જ છો. સત્તા ભોગવવી, સંપત્તિના સ્વામી હોવું, પોતાનું અનેક ઈચ્છાઓના માર્ગમાં જે કોઈ આવે તેનો નાશ કરો. આ બધી વૃત્તિઓ દરેક માણસના ચિત્તમાં વધતાઓછા અંશે રહેતી જ હોય છે. આ વૃત્તિ ક્યારેક પરિતૃપ્ત થતી નથી. સાચી વાત તો એ છે કે આપણે જેને સત્રુઓ માનીએ છીએ એ શત્રુઓ બહાર નથી પણ આપણી ભીતર જ છે. આ અંદરના છ શત્રુઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. જ્યાં સુધી વશ થતા નથી. સ્વરાજ એટલે રાજકીય સ્વતંત્રા નહીં પણ સ્વ ઉપર પોતાનું રાજ એટલે કે પોતાની જાતને વશમાં રાખે એ જ સાચું સ્વરાજ. માણસ આટલું સમજી જાય તો તેની અન્યો ઉપર સત્તા ભોગવવાની વૃત્તિ જ રહેતી નથી.

સુવિચાર

- ઉગવાનું એને ઘમંડ નથી, આથમવાનું એને દુઃખ નથી,
  એટલે જ, સુરજને લોકો ભગવાન કહેતા હશે - **ભૂપત વડોદરિયા**
- પોતાને કોઈ ફોડી નાખશે એવા ભયથી અરીસો તકલાદી જાત હોવા છતાં
  એ કોઈ જેવું હોય તેવું બતાવવાનું બંધ નથી કરતો - **લવજી પટેલ**
- હદોં કે પાર હોતા જા રહા હૈ, સમય ખુંખાર હોતા જા રહા હૈ - **ઈકબાલ પટેલ**
- લીખના પેટે ટોલા જ પાકે - **જુની ગુજરાતી કહેવત**
- અશ્રુ હમદર્દી અપાવી શકશે, પરંતુ પરિણામ માટે તો પરસેવો જ વહાવવો પડશે - **અખંડ આનંદ**
- દરરોજની 'એન્જોય ગ્રાફી' એન્જીયોગ્રાફીને દૂર રાખી શકે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : ગોરાળું માટીની ભીની પેસ્ટ કરી લીંબુનો રસ ભેળવી માથા પર ચોપડવાથી વાળ ખરતા અટકે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાહસ કરતાં પહેલા યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરવો જોઈએ.

બે માણસ નદી પાર કરવા માટે ચર્ચા કરી રહ્યા હતા. એકે કહ્યું કે, નદી કિનારે નાવ પડી છે. આપણે બેવ થઈને નાવ ચલાવીશું તો નદી પાર થઈ જશે. બીજો બોલ્યો. એ શક્ય જ નથી. નદી પાર કરવા માટે માત્ર નાવ જ પૂરતી નથી. નાવિક હોવો જોઈએ. હલેસુ હોવું જોઈએ. અને આ ધસમસતા પ્રવાહમાં નાવ ચલાવવાની આવડત પણ હોવી જોઈએ.

પહેલો માણસ કહે એવું કશું નહીં. આ સામે જ પડી છે તે નાવ પણ બેસીને સામે કિનારે પહોંચી જશે.

બીજાને પહેલા માણસનું ગાંડુ સાહસ લાગ્યું. એણે કહ્યું.

'હું એવું આંધળું સાહસ નહીં કરું.' પહેલો માણસ તો ઉતાવળમાં હતો. તે તો નાવને વહેતા પ્રવાહમાં ધક્ક મારીને બેસી ગયો. નદીનું વહેણ તેજ હતું. નાવ હાલકડોલક થવા લાગી. અને થોડી જ વારમાં નાવ ઊંધી થઈ ગઈ. પહેલો માણસ ડૂબતાં ડૂબતાં બચ્યો, માંડ માંડ તરીને કિનારે પહોંચ્યો.

અયોગ્ય સાહસ કર્યા પછી પસ્તાવાનો વારો આવે છે.

શાળાઓમાં 'જય હિંદ' અને 'જય ભારત' આવકારીએ

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રભક્તિના સંસ્કાર છેક બાળવયથી જ પાડવામાં આવે તે આવકારદાયક બાબત છે. ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ નવથી બાર સુધીના વિદ્યાર્થીઓ હાજરી પુરાવતી વખતે 'યસ સર' કે 'પ્રેઝેન્ટ સર' ને બદલે 'જય હિંદ' કે 'જય ભારત' બોલે એવો નિયમ તાત્કાલિક અસરથી અમલી બનાવ્યો છે. બાળકોને તો અમસ્તું પણ દેશભક્તિ વિષયક નૃત્ય વગેરે ગમતું જ હોય છે અને શાળાઓ આવા કાર્યક્રમો પ્રસંગોપાત યોજતી પણ રહે છે. બાળક નાનું હોય છે ત્યારે એની દુનિયા ઘણી મોટી હોય છે. એને કલ્પનાઓ કરવી ગમે છે. એ પતંગિયાની જેમ ઊડવા માગે છે. એને આકાશ ગમે છે. આકાશની જેમ એના મનમાં પણ કોઈ સરહદો નથી હોતી. એ સરહદો તો એ જેમ જેમ મોટું થતું જાય છે એમ એની સમજણમાં અંકાતી જાય છે. આ આપણું ઘર, આ આપણી શેરી, મહોલ્લો કે ગમ. વળી એ પછી તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ. દુનિયામાં તો પાછા કેટલા બધા દેશ, અને દેશ અને વેશ! જુદા જુદા ધર્મ-સંપ્રદાય, જુદા-જુદા ભગવાન, જુદી જુદી ભાષાઓ! વિસ્મય એ બાળકનો સ્થાયી ભાવ છે. એને સમજાતું નથી કે આ બધા સંકુચિત વાડાઓ શા માટે છે? પરંતુ એને તો મોટેરાં કહે તે માની લેવાનું. જય ભારત કહેવાનું કહે ત્યારે જય ભારત અને ભારત માતા કી જય કહે તો એમ! પ્રશ્ન થાય છે બાળ માનસને સરહદોમાં પૂરી દઈ સીમિત કરી દેવાનો. શું એને બાળપણથી જ વિશ્વ નાગરિક બનાવાના સંસ્કાર ન સીંચી શકાય ? ફક્ત જય ભારત કે જય હિંદ જ શું કામ ? વિનોબાની જેમ જય જગત કેમ નહીં? જય બ્રહ્માંડ એ તો એથી પણ ઉદાર વિભાવના ગણાય. એક તરફ પ્રદેશભક્તિનું ગીત - જય જય ગરવી ગુજરાત; બીજી તરફ વંદે માતરમ્‌થી લઈ 'જન ગણ મન અધિનાયક જય હે! - ભારત ભાગ્ય વિધાતા!' ભારતનું ભાગ્ય આખરે તો તરુણ પેઢી જ નક્કી કરશે. ક્યારેક 'સોને કી ચિડિયા' ગણાતો દેશ આજે કેટકેટલા ટુકડાઓમાં વહેંચાઈ ચૂક્યો છે! કેટકેટલાં રાજ્યો, કેટકેટલી જાતિઓ, કેટલા તો ધર્મ-સંપ્રદાય. અનેકતામાં એકતાનું સૂત્ર એ તો આપણી રાષ્ટ્રીય મજબૂરી છે. શા માટે બધા એક જ રાષ્ટ્રભાષાને ન સ્વીકારીએ ? શા માટે વંદે માતરમ્ ગાતાં ધર્મના ખોટા અર્થઘટનને વચ્ચે આણીએ? અને 'જય' કહીએ એટલે બીજા કરતાં કંઈક ચડિયાતા, એને હરાવી શકીએ એવા ખોટા ફાંકા પણ શું કામ રાખીએ? મોરારિ બાપુએ 'જય' ની જગ્યાએ 'પ્રિય' શબ્દ રાખ્યો છે. પવનસુત હનુમાન 'પ્રિય' હો... પ્રિય બન્યા પછી કોઈના પર જય મેળવવાની જરૂર રહેતી નથી. સઆદત હસન મન્ટોની એક ચોટદાર વાર્તા વાંચી લેવા જેવી છે - મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીથી લઈ વડાપ્રધાન સુધી બઝા જ નેતાઓએ. એ વાર્તાનું શીર્ષક છે 'ટોકા ટેકસિંહ' : ગઈકાલ સુધી હું પેલા ખેતરમાં જઈ શકતો હતો, આજે કેમ મને રોકો છો? ભારત અને પાકિસ્તાન તમારા દિલમાં થયેલા ટુકડા હશે, હું એવા વિભાજન હરગિજ માનું નહીં. એક પાગલના હૈયે રમતી આ સમજણ શાણાઓમાં નથી આવતી એ કેવી વિડંબના છે!

હા, ચાલ અત્યારે જ તેમને મળીએ, તેમનો વોટ તો ખુબ કિંમતી છે

નવાં કલેવર
નટવર હેડાઉ

છેલ્લા કેટલાક દિવસથી ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો હતો. બંને રાષ્ટ્રીય પક્ષો ઉપરાંત અપક્ષ તરીકે ઊભા રહેલા ઉમેદવારો અને તેમના સમર્થકો દ્વારા ઝંઝાવાતી પ્રચાર કરીને મતદારોને રીઝવવા કોશિષ થતી હતી. ધજાપતાકાઓ, બેનર્સ અને નેતાઓના મોટા મોટા કટઆઉટ્સ ઠેર ઠેર લગાવાતાં હતા. ક્યાંક ધર્મના નામે તો ક્યાંક જાતના નામે જોરદાર રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. તેમાં પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓ તો ભુલાઈ જ ગઈ હતી. કોઈ વિકાસના ભણગાં ફૂકતાં હતા તો કોઈ ગરીબોના બેલી તરીકે પોતાને ઓળખાવતા હતા. મતદારો ચૂપચાપ આ બધા ખેલ જોતા હતા. અને મનમાં મલકાતા હતા. પણ પોતાનું મન કળાવા દેતા ન હતા. તેથી ઉમેદવારો અને તેમના સમર્થકો અસંમજસમાં ઘેરાયેલા હતા.

છેલ્લી ઘડીએ એડી ચોટીનું જોર લગાવવા સૌ કોઈ મથી રહ્યા હતા. ચૂંટણી પ્રચારનો સમયગાળો પુરો થતાં પ્રચારના પડઘમ શાંત થઈ ગયા. હવે નેતાજી ઘેર ઘેર ફરી મતદારોને રીઝવવા સીધો સંપર્ક કરી રહ્યા હતા. ક્યાંક ટેકેદારો કે સમર્થકો દ્વારા મતદારોને દારૂ કે ચવાના પેકેટ ચોરીછૂપીથી વહેંચાઈ રહ્યા હતા. ખમતીધર પક્ષના ઉમેદવાર એવા નેતાજી કોઈ પણ સંજોગોમાં ચૂંટણી જીતવા તત્પર બન્યા હતા. તેઓ ફરતા ફરતા ઉકાભાઈના ઝુંપડા પાસે આવીને ઊભા રહ્યા.

ઉકાભાઈ ૮૦ વર્ષની ઉંમરના વૃદ્ધ હતા. બિચારીના કારણે પથારીમાં પડતા હુક્કો પીતા બેઠા હતા. ગરીબી તેમનાં ઝુંપડાને ચોમેરથી ઘેરી વળેલી દેખાતી હતી. તેનાજીને તેમનાં ઝૂંપડામાં પ્રવેશ કર્યો.

'નમસ્તે ઉકા દાદા'

'નમસ્તે કોણ ભાઈ...'

'એ તો હું નેતાજી...'

'ઓહો ! ભાઈ ઘણા વર્ષે દેખાયા ને શું, બોલો મારું શું કામ હતું.' ઉકાભાઈએ આંખના આડે હાથનું નેજવું કરતાં નેતાજીને ઓળખવાની કોશિષ કરી.

'એ તો હું વોટ માટે આવ્યો છું. આવતીકાલે તમારે મતદાન કરવા સરકારી શાળાએ જવાનું છે. મારો માણસ તમને રિક્ષામાં બેસાડી લઈ જશે અને પાછા ઘરે મુકી જશે.' નેતાજીએ સમજાવ્યું.

'પણ ભાઈ હું તમને વોટ શું કામ આપું હેં ! છેલ્લા પંદર વરસથી તમે આવું જ કરતા આવ્યા છો. તમે વાયદા કરેલા કે નળમાં પાણી આવશે, રસ્તા અને વીજળીની સગવડો થઈ જશે. નિશાળ અને દવાખાનું.... પણ એ કંઈ થયું નથી.' ઉકા ભાઈ એ પરખાવ્યું.

'ઉકા કાકા શું કરું વિરોધ પક્ષની સરકાર હતી છતાં મેં પ્રયત્નો ઘણા કર્યા. પણ હવે ચિંતા કરશો નહીં. મેં પક્ષ પલ્ટો કરી લીધો છે. હવે તમારાં કામ ચપટી વગાડતાંમાં તશે. ગામ ગોકુળીયું બની જશે.' નેતાજીએ કહ્યું.

'પણ થશે ત્યારે થશે. અત્યારે તો અમારે આ મુસિબતો જ વેઠવાની ને...'

'ના... ના... લ્યો. આ રાખો.' કહીને નેતાજીએ તેમના હાથમાં બે હજારની ગુલાબી નોટ પધરાવી. ઉકાભાઈ એ તેને આમતેમ ફેરવીને જોઈ. નોટ તો સાચી હતી. પણ કંઈ વિચારીને ઉકાભઆઈ બોલ્યા.

'લ્યો ભાઈ મારે તમારા આ બે હજાર નથી જોઈતા.'

'તો'

'મને એક ગધેડો લાવી આપો.'

'ભલે' કહી નેતાજી બે હજારની નોટ ખિસ્સામાં સરકારી આગળ વધ્યા. તેમણે એક કાર્યકરને ઉકાભાઈ માટે ગધેડો લાવી આપવાનું કામ સોંપ્યું.

પેલો કાર્યકર ગામમાં અને આજુબાજુના વિસ્તારમાં ફરી વળ્યો. તેણે ગધેડો શોધી કાઢ્યો. તે નેતાજી પાસે ખુશ થતો આવ્યો અને વાત કરી. 'ગધેડો મળી ગયો. પણ વીસ હજાર તેની કિંમત છે.' નેતાજી ચોંકી ઉઠ્યા. રહેવા દે ઉકા દાદાને પથારીમાં પડ્યે પડ્યે ગધેડાને શું કરવો છે. ચાલ તેને બીજી કોઈ રીતે સમજાવી દઈશું. કાર્યકરે હકારમાં માથું હલાવ્યું. પણ પછી બોલ્યો, 'ઉતાવળ કરવી પડશે. કાલે સવારે આઠ વાગ્યે તો મતદાન શરૂ થઈ જશે.'

'હા, ચાલ અત્યારે જ તેમને મળીએ. તેમનો વોટ તો ખુબ કિંમતી છે. ઉકા દાદા જે પક્ષને વોટ આપશે તેને આખા મહોલ્લાના લોકો વોટ આપવાના ખરું ને...'

'જી નેતાજી...' કાર્યકરે તેમની વાતને સમર્થન આપ્યું. બંને રાતના અંધારામાં ફરીથી ઉકાભાઈને ઝુંપડે આવ્યા.

ઉકાભાઈને ઉંમરને કારણે ઊંઘ આવતી ન હતી. તે ખાટલામાં બેઠા હુક્કો ગગડાવતા હતા. નેતાજીને જોઈ તરત તેમણે પૂછ્યું. 'શું ગધેડો લઈ આવ્યા ? ક્યાં છે ?'

'દાદા ગધેડો તો વીસ હજારમાં મળે છે.'

'તો શું તું મને ગધેડો સમજે છે કે તને હું મારો વોટ બે હજારમાં આપું.' ઉકાભાઈ બોલ્યા.

આ સાંભળી નેતાજી અને તેની સાથે આવેલા કાર્યકરો છોભીલા પડી ગયા. અને તે બધા બીજા મતદારોને રીઝવવા આગળ વધી ગયા.

વિતી ગયેલા સમયનાં સંબધોનું સુખ કદાચ વધારે દુઃખ આપતું હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

કોઈપણ આર્થિક સંસ્થાનનાં અધિકારીઓની એક સ્થળેથી બીજે સ્થળે બદલીઓ થતી રહેતી હોય છે. એક અધિકારીની બદલી થઈ. નવા સહકર્મચારીઓ, નવા ગ્રાહકો, નવું વાતાવરણ અને નવો માહોલ. શાખા મેનેજર તરીકેની જવાબદારી એટલે રોજ નવી સમસ્યાઓ અને પડકારો સામે આવે. અધિકારી એ સમસ્યાઓનું નિરાકરણ કરે અને પડકારોને ઝીલતા રહે પણ દરેક નવા પડકાર સમયે તે પોતાની અગાઉની શાખાને યાદ કરે. ત્યાના ગ્રાહકો, ત્યાના સહકર્મચારીઓને યાદ કરીને વર્તમાન પરિસ્થિતી સાથે સરખામણી કર્યા કરે. એ બધાની સરખામણી કર્યા પછી એ અધિકારીનો સૂર એક જ હોય કે અગાઉની શાખાના સહકર્મચારીઓ અને ગ્રાહકો વધારે સારા હતા, વધારે સહકારભાવનાવાળા હતા અને તેને કારણે ત્યાં વધારે હળવાશ હતી, મોકળાશ હતી, વધારે અનુકૂળતા હતી, વધારે ખુશી હતી અને વધારે સુખ હતું. આમ એ અધિકારી અગાઉના દિવસો, અગાઉનું 'સુખ' યાદ કરી કરીને વર્તમાન પરિસ્થિતીમાં દુઃખી થયા કરે.

એ જ અધિકારીની એ સ્થળેથી ત્રીજા સ્થળે બદલી થઈ અને ત્યાં પણ સ્વાભાવિક રીતે નવા સહકર્મચારીઓ, નવા ગ્રાહકો અને નવો જ માહોલ હોય. નવા સ્થળે ગયા પછી ત્યાં પહેલાની શાખા જેવો એ સૂર અને એ જ તાલ. ત્યાં જઈને તે પહેલાની શાખાના કર્મચારીઓ અને માહોલ યાદ કરી કરીને દુઃખી થયા કરે. ખાસ કરીને અગાઉની શાખાઓના સહકર્મચારીઓ, તેઓની સાથેના સંબધો, તેઓના વર્તન અને વ્યવહાર અને ગ્રાહકોની સહકારભાવના તથા સંબધોને નવી શાખા સાથે સરખામણી કર્યા કરે અને જૂનું સારું હતું, અગાઉનું ઉત્તમ હતું, એમ માનીને વર્તમાન પરિસ્થિતીમાં દુઃખી થયા કરે.

આ સ્વભાવ કદાચ આપણાં સૌનો છે. વિતી ગયેલા સમયના આયેલા સામના સુખને ખાસ

કરીને સંબંધોની માણેલી ખુશીઓને મોટેભાગે વર્તમાનના સંબધો સાથે સરખામણી કરતા રહીએ છીએ. વિતેલા સમયના સુખનાં ગાણા ગાતા રહીએ છીએ અને વર્તમાનને તેની સાથે

સરખાવતા રહીએ છીએ. માત્ર સરખામણી કરીની આપણે અટકી નથી જતાં પણ વીતી ગયેલા સમયની સરખામણીએ આપણને વર્તમાન ખરાબ લાગતો હોય છે અને તેને કારણે સતત દુઃખી થતાં રહીએ છીએ.

આપણે સૌ જાણીએ છીએ કે સુખ અને દુઃખની લાગણી તો સાપેક્ષ છે. ભૂતકાળના જે સુખને આપણે વર્તમાનમાં યાદ કરીએ છીએ એ સુખ પણ સાપેક્ષ છે. ભૂતકાળના જે સમયના સુખને યાદ કરીને આપણે દુખી થતાં હોઈએ છીએ એ સમયે એ જ સુખ કદાચ આપણને સુખ ના પણ લાગ્યું હોય અને એ સમયે પણ આપણે તેની પહેલાનાં સમયને યાદ કરીને દુઃખી જ થયા હોઈએ.

આપણે આપણાં જુના મિત્રો, સ્નેહીઓ અને સંબધોને હમેશા યાદ કરતાં રહીએ છીએ. તેઓની સાથે વિતાવેલી ક્ષણો અને તેઓની સાથે માણેલો આનંદ યાદ કરીને એવી લાગણી અભિવ્યક્ત કરતાં હોઈએ છીએ કે "તેહીના દિવસાઃ ગતાઃ" આ પ્રકારની લાગણી વ્યક્ત કરવા પાછળનો એક છુપો સૂર કદાચ એવો હોય શકે કે "ભૂતકાળ ભવ્ય હતો, એ ભૂતકાળની સરખામણીમાં વર્તમાનમાં સુખ નથી, ભૂતકાળના સંબધો નિકટનાં હતા, ભૂતકાળના સંબધોમાં અત્મિયતા હતી પણ વર્તમાનમાં કઈક ખૂટતું હોય એવું લાગે છે."

આપણા સૌની આ પ્રકારની મનોવૃતિ કે મનોદશાનું ઉંડાણથી વિશ્લેષણ કરીએ તો એવું પ્રતિત થાય છે કે ભૂતકાળને આપણે હંમેશા ભવ્ય રીતે ચીતરતા રહીએ છીએ. ભૂતકાળના આપણાં સંબધો અને વિતાવેલી ક્ષણો કે આનંદની સ્મૃતિઓ વાગોળીને આપણે આપણાં વર્તમાનને સતત કોસતા રહીએ છીએ. આવું કરીએ છીએ ત્યારે આપણે એક વાત ભૂલી જઈએ છીએ કે ભૂતકાળના એ સમયે પણ આપણી મનોદશા કદાચ વર્તમાન જેવી જ હશે. ત્યારે પણ આપણે કદાચ તે સમયના ભૂતકાળને યાદ કરીને, તે સમયના વર્તમાનને સરખાવીને દુઃખી જ થતાં હશું. આ એક વિષચક છે જેનો ક્યારેય અંત આવતો નથી. આ ભૂતકાળ-વર્તમાનનાં ભ્રમના ચક્રવ્યૂહમાં આપણે કદાચ એવી રીતે ફસાઈ ગયા છીએ કે, આપણને વર્તમાન હમેશાં અંધકારભર્યો અને ભૂતકાળ હમેશાં પ્રકાશીત અને ઝળહળતો જ લાગે છે. ભૂતકાળ થઈ ગયેલી ક્ષણોને, વિતી ગયેલી ક્ષણોની સ્મૃતિઓને તાજી કરીને આપણે વર્તમાનનાં સુખને તરછોડીને દુઃખી થતાં રહીએ છીએ.

ભૂતકાળ આપણો વર્તમાનથી ગમે એટલો દૂર હોય પણ તે આપણી પાછળ જ આવતો હોય છે, તે સતત આપણો પીછો કરતો હોય છે. આપણી લગોલગ તે ક્યારે પહોચી જાય છે તેનો આપણને ખ્યાલ પણ નથી રહેતો.

સતત આપણો પીછો કરતાં ભૂતકાળને ભૂલી જવાની વાત નથી. ના, ભૂતકાળને આપણે ભૂલી જ ના શકીએ. ભૂતકાળ જ આપણને જીવવાનું બળ આપતો હોય છે. ભૂતકાળની સ્મૃતિઓ તો આપણને આનંદ આપતી હોય છે. ભૂતકાળની ખુશીઓનો પળોને ઢંઢોળવી આપણને સૌને ગમતી હોય છે. ભૂતકાળની સ્મૃતિઓની સાથે સાથે આપણે વર્તમાનનું મૂલ્ય પણ સમજવું પડે. કારણકે છેવટે આપણે જીવવાનું તો વર્તમાનમાં જ છે ને? ભૂતકાળની ખુશીની પળો જ્યારે આપણાં વર્તમાન ઉપર હાવી થઈ જાય છે ત્યારે આપણેને વર્તમાન તુચ્છ લાગવા માંડે છે. ત્યારે વ્યથા થાય છે. આપણે ભૂતકાળને એટલી હદે વળગી ના રહીએ કે જે આપણાં વર્તમાનની ખુશીઓને લૂંટી જાય. ભૂતકાળ આપણને કઈ જ નુકશાન નથી કરી શકતો સિવાય કે એ વર્તમાન સુખને છીનવી લઈ શકે છે અને ક્યારેક વર્તમાનને રગદોળી પણ શકે છે.

જીવનમાં કદાચ વીતેલું સુખ જ સૌથી વધારે દુખ આપતું હોય છે. ક્યારેક વિતી ગયેલા સમયનાં સંબધોની, ખુશી, કે સુખની સ્મૃતિઓને કારણે આપણને વર્તમાનને ઉચાટ, વ્યગ્રતા, અકળામણ કે ઉદાસીનતા જેવી લાગણીઓ ઘેરી વળતી હોય છે. આપણે એ ન ભૂલીએ કે ભૂતકાળ કરતાં વર્તમાનનું મૂલ્ય વધારે છે કારણકે વર્તમાનનાં પાયા ઉપર જ આપણાં ભવિષ્યનું નિર્માણ થવાનું છે નહીં કે ભૂતકાળનાં પાયા ઉપર.

ભૂતકાળના આપણા સંબધો ગમે એટલા ઊંચા શીખરો ઉપર હોય પણ તેને કારણે વર્તમાનમાં વિષાદની ઊંડી ગર્તામાં ધકેલાઈ ન જઈએ. વર્તમાન- ભૂતકાળની ઘોડારેસમાં વર્તમાન ભાગ્યે જ આગળ નીકળી શકે છે એ સત્યને સ્વિકારીને ચાલીયે, આપણે વર્તમાનમાં જીવીએ, વર્તમાનને સારી રીતે જાણીએ અને માણીએ.

આળસ-પ્રમાદ

થોટ
નટવર આહલપરા

આળસ માણસના વિકાસનો શત્રુ છે. બીજી બાજુ પ્રમાદ માણસનું પતન કરે છે. આપણે આજનું કામ આવતી કાલ પર ઠેલવા ટેવાયા છીએ. ભવિષ્યની ક્ષણો જાણે તાબે ન હોય ! પણ આ આપણી ભ્રમણા છે. આપણી પ્રમાદવૃત્તિનો એ પ્રતાપ છે! પ્રમાદવૃત્તિએ પતનનો પ્રારંભ ચે. આળસ મહાદુઃખોની જનની છે.

આપણે કાલ પર કાર્યને ઠેલીએ છીએ, કેમ કે, એ 'કાલ' તો 'કાળ' ને હાથ છે! આજ રીતે નીચેનું સુભાષિત પર્યાપ્ત છે,

મહેનતથી ઋણ ચૂકવાતું જાય છે;
આળસ-પ્રમાદ બમણું વધે છે.

પંડિત શ્રીરામ શર્મા આચાર્ય તો એમ કહે છે કે, 'આળસુ મનુષ્ય પોતાનો જ સૌથી મોટો દુશ્મન છે.' વિનોબાજી આળસ, અજ્ઞાન અને પ્રમાદ - આ ત્રણ 'મહારિપુ' છે એમ માને છે, ગયેલું ધન ઉદ્યોગ વડે પાછું મળશે. ગયેલું જ્ઞાન અભ્યાસ વડે પાછું મળશે. તંદુરસ્તી ગઈ હશે તો દવા કે ચરી પાળવાથી ફરી મળશે. પણ આળશથી ગુમાવેલો કિમતી સમય ચાલ્યો જશે તે કોઈ ઉપાયે પાછો મેળવી શકાશે નહિ.

યુવાન વયે આવતા વૃદ્ધત્વને અટકાવવા દરેકે આળસ-પ્રમાદ છોડી અવિરત શ્રમ અને કામ ધંધામાં વધુ ચીવટવાળા બનવું એ શ્રેષ્ઠ ઉપાય છે. આ કળીયુગ નથી કરજુગ છે. કર એટે હાથ, હૈયું, મસ્તક અને હાથ પ્રભુએ આપ્યા છે તેનો ઉપયોગ કરીએ.

આળસ પ્રમાદ છોડીએ. પ્રમોદ કરીએ.

પૂરી તૈયારીના અભાવે ડિજિટલ ઈન્ડિયા પીડાકારક

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ઓગણીસો નેવું બાદ દેશમાં એક નવા પ્રકારના માહોલનું આગમન થયું જેના પાયામાં નેટ આધારિત ઉપકરણોનો પ્રવેશ હતો. જાહેર ક્ષેત્રની બેંકોમાં ૧૯૯૨ પછી કોર બેન્કીંગની શરુઆત થઈ અર્થાત્ મેન્યુઅલ કાર્યપ્રથા ક્રમશઃ લુપ્ત થઈ ગઈ અને સમય જતા આધુનિકીકરણ પૂર્ણતઃ અમલી બની ગયું. બેન્કોના મર્જને સાકાર કરવામાં આ ઈન્ટરનેટ આધારિક કાર્યશૈલી ને જ યશ જાય છે. માહિતી પ્રચાર પ્રસાર અને સંગ્રહમાં ડિજિટલ વિશ્વ અગ્રેસર થઈ ગયું છે. એક જમાનામાં ઘેર ફોન હોય તો સ્ટેટ્સ ગણાતું હતું આજે કરોડો લોકોના ખિસ્સામાં એન્ડ્રોઈડ મોબાઈલ સર્વ સામાન્ય જિંદગીનો અભિન્ન હિસ્સો છે. નેટ આવ્યા બાદ લોક જીવનમાં નવી ગતિ અને અધોગતિ બંને આવી ગયા છે! પ્રવર્તમાન સરકારે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે તેમાં મહત્ત્વનું પગલું 'ડિજિટલ ઈન્ડિયા' કહી શકાય. ડિજિટલ વિશ્વ ઝડપને લીધે સર્વ સ્વીકૃત થયું અને સરકાર ચાહે છે કે વ્યક્તિના જીવનમાં બધું જ મહત્ત્વનું કામ ડિજિટલ સ્વરુપે થાય અને લોકોના પાકીટ કે ખિસ્સામાં ભલે રોક્કડ નાણા ના હોય છતાં તેના બધા જ કામ વિના ઝંઝટ પૂરા થાય ! ફોન માત્ર પરસ્પર સંવાદ માટે હતો પરંતુ મોબાઈલના રૂપમા જે ફોન આવ્યો તે અસંખ્ય સુવિધાઓ લઈને આવ્યો એટલે સંદેશા, ચિત્રો, વીડિયો, સંગીત આ બધાની લેવડદેવડ અત્યંત ઝડપથી થઈ રહી એટલે જ સોશિયલ મીડિયા જોરદાર માધ્યમ તરીકે ઊપસી આવ્યું. પ્રશ્ન હવે એ જ છે કે જે કોઈ સુવિધાઓ હતી તેમાં ઈન્ટરનેટને જોડવાનું કાર્ય શરૂ થયું ત્યારથી લાગી રહ્યું છે કે સુવિધાઓ હવે સમસ્યા પેદા કરવા લાગી છે. પ્રશ્નોને ઉકેલવા જતા નવા સવાલો પેદા થઈ રહ્યા છે!

પ્રથમ બન્કોની જ વાત કરીએ તો બેન્કોના કાર્યો હવે સિસ્ટમમાં જ થાય છે અને તેના પેચિદા ઉખાણાઓ આઈ.ટી. તજજ્ઞો જ લાવી શકે છે. આધુનિક મશીનો ગોઠવી દેવાથી લોકો સમય જતા તેના આદતવાળા બની જાય પરંતુ મેઈન્ટેનન્સ નથી. એ.ટી.એમ. દેશમાં ૨.૩૮ લાખ છે પરંતુ તે બધા કાર્યરત રહી શકતા નથી. અથવા પાસબુક પ્રિન્ટીંગ મશીનો ગોઠવ્યા પણ બંધ હાલતમાં જ હોય તો અજંપો જોવા મળે છે. બેન્કની અંદર થતાં કામો પૈકી ૫૦ % રૂટીન કામ ઈકોર્નર - ઈલોબીમાં મેઈન બજારમાં આવી ચૂક્યા છે. સામે પક્ષે બેંકોની અંદર સ્ટાફ વધતો જાય છે. હવેના નવા સમાચાર મુજબ માર્ચ ૨૦૧૯ સુધીમાં પચાસ ટકા એ.ટી.એમ. બંધ થવાના છે કારણ કે નવા નીતિ નિયમો મુજબ બેન્કોને તે ચાલુ રાખવા પરવડે તેમ નથી તો આ બાબતને પીડાકારક નહીં ગણીએ ?

વાસ્તવમાં નોટોના ત્રાસમાંથી બચવા આડકતરી રીતે ડિજિટલ વ્યવહારોને ફરજિયાત અમલી કરવાની ઝંખના રાખે છે તે કડવું સત્ય છે. બસ, રેલવે કે પ્લેટનની ટિકીટનું બુકિંગ ઓન લાઈન, શોપિંગ ઓન લાઈન, સરકારની યોજનાના લાભ બધા જ ઓનલાઈન,ખરીદીમાં પોસ મશીન્સ ટૂંકમાં બધું જ ઓનલાઈન અને લોકો કંઈક સરખું સમજે ત્યાં વર્ક સિસ્ટમમાં થાય પરિવર્તન - આ આ કારણોસર લાગી રહ્યું છે કે જીવનમાં દરેક પાસાને ઓન લાઈન ભલે જોડો પણ તેમાંથી અંતે જે પ્રજા સંતોષ ઊભો થવો જોઈએ તેમાં હજારો અડચણો, વિલંબ, અપૂરતું આયોજન જોવા મળે છે. દેશની પેમેન્ટ સિસ્ટમમાં એક ક્રાંતિ આવી ગઈ છે, પણ નેટ સર્વત્ર સતત ઉપલબ્ધ નથી. કૃષિ ક્ષેત્રનાં પ્રશ્નો જે હાલમાં ઊભા થયા છે તેમાં પણ ઝડપ નથી અને કૃષિ ક્ષેત્ર પરેશાન છે. ડેટાની સુરક્ષા ઉપલબ્ધ હોવાની વાતમાં સાઈબર ક્રાઈમ્સને જોતા હજુ વિશ્વાસ બેસતો નથી.

વાહનોના પાસિંગ, લાયસન્સ રિન્યુઅલ, નવા નંબરની પ્લેટ વગેરે કામોમાં પણ બધુ જ કામ કોમપ્યુટર્સથી જ થાય છે. ત્યાં પુષ્કળ લોક અજંપો જોવા મળી રહ્ય છે. શા માટે ? ઈલેકશન કાર્ડ VID ઈસ્યુ થયેલા તેમાં સિસ્ટમમાં વિગતો નાખવાનું ફિકસ વેતનવાળા લોકો એ અસંખ્ય ક્ષતિઓ કરેલી તેથી કાર્ડ ભૂલવાળા જ ઈસ્યુ થયા અને આ ઘટના બાદ બે વર્ષે પણ કોઈને આ બાબતે રંજ નથી. લોકો પૂછવા જાય તો બધી જ વિગતો અને પ્રફૂ માંગવામાં આવે તથા ફી ભરવાનું કહેવામાં આવે તો શું આ રીતે ડિજિટલ ઈન્ડિયા બનશે ? આધાર કાર્ડની અનિવાર્યતા અંગે નિર્ણય ઉપર આવતા વર્ષો ગયા ત્યાં સુધીમાં લોકો એ ડર કે ભયના માર્યા દરેક જગ્યાએ આધાર કાર્ડ લિંકેજ કરાવી નાખ્યું પરંતુ હવે શું કરવાનું ? સ્પષ્ટતા કરવામા